અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૬૯૫-૧૭૨૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૦/૦૬/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- દૂરદર્શન 'ડી.ડી. ગિરનાર' ચેનલ પરથી ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે HOME LEARNING કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક, તા.૦૫/૦૬/૨૦૨૦

૨. સર્વ શિક્ષા કચેરીના પત્રક્રમાંક: એસ.એસ.એ./QEM/2020/૧૬૧૦૮-૧૬૧૭૮ તા.૦૮/૦૬/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૮ જુનથી શરૂ થયેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં હાલની કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ શૈક્ષણિક કાર્યક્રમોનું બાયસેગ દ્વારા 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ થી ૧૨ પરથી ચોવીસ કલાક પ્રસારણ થઇ રહ્યું છે. ઉપરાંત, બોર્ડની યુ ટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' પર પણ ઉક્ત શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલ છે. વિદ્યાર્થી ઘેરબેઠાં સ્વઅધ્યયન કરી શકે તે માટે બોર્ડ દ્વારા જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ સાથે સંકલન કરીને ધોરણ-૯ થી ૧૨ નું સ્ટડી મટીરિયલ જિલ્લાકક્ષાએ તજજ્ઞો દ્વારા તૈયાર કરાવીને જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ મારફતે તમામ શાળાઓ સુધી પહોંચે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત, તા.૧૫.૦૬.૨૦૨૦થી ટી.વી.ના માધ્યમથી એટલે કે દુરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર ચેનલથી પ્રસારિત કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ અંગે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તથા શિક્ષકો દ્વારા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને આ "હોમ લર્નિંગ" કાર્યક્રમની જાણકારી આપવા જણાવવામાં આવે છે. કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી શકે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૫.૦૬.૨૦૨૦થી ધો- ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે "હોમ લર્નિંગ" કાર્યક્રમનું ડી.ડી. ગિરનાર ચેનલ પરથી પ્રસારણનું આયોજન કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ સામેલ પત્રકમાં દર્શાવેલ તારીખ અને સમય મુજબ જે તે ધોરણના વિદ્યાર્થીઓ બિનચૂક આ કાર્યક્રમ નિહાળી પોતાના શૈક્ષણિક

કાર્યમાં અભિવૃદ્ધિ કરે તે માટે આપની કક્ષાએથી આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓને તાત્કાલિક જાણ કરી કાર્યક્રમની સફળતા માટે જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

વિશેષમાં, વિદ્યાર્થીઓ જયારે કાર્યક્રમ નિહાળે ત્યારે જણાવેલ સમયપત્રક મુજબના પાઠ્યપુસ્તક, પેન-પેન્સિલ, નોટબુક જેવી જરૂરી શૈક્ષણિક સામગ્રી સાથે લઈને બેસે અને તેમાં જરૂરી નોંધ કરે તેની તકેદારી રાખવા અંગે જરૂરી સૂચના તથા માર્ગદર્શન આપવા પણ જણાવવામાં આવે છે.

આ "હોમ લર્નિંગ" માટે શાળાના આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓના સંપર્કમાં રહી પ્રત્યેક બાળક આ પ્રસારણ નિહાળે અને અધ્યયન કરે તે અંગે માર્ગદર્શન અને મોનીટરીંગ માટે આપની કક્ષાએથી યોગ્ય આયોજન કરવા જણાવવામાં આવે છે.

પ્રત્યેક બાળક આ શૈક્ષણિક કાર્યક્રમનો લાભ મેળવે તેમજ સ્વઅધ્યયન કરતા થાય તે અંગે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે માટે તેઓને જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: કાર્યક્રમના પ્રસારણનું સમય પત્રક

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.

## દૂરદર્શન પ્રસારણ જુન - 2020

| તારીખ | વાર | (સમય:12-1) | (સમય:3-4) |
|---|---|---|---|
| 15.06.20 | સોમવાર | ધોરણ-10 વિજ્ઞાન : રાસાયણિક પ્રક્રિયા પ્ર-૧ ભાગ-૧ | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-૧ |
| 16.06.20 | મંગળવાર | ધોરણ-10 વિજ્ઞાન : રાસાયણિક પ્રક્રિયા પ્ર-૧ ભાગ-૨ | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-૨ |
| 17.06.20 | બુધવાર | ધોરણ-10 વિજ્ઞાન : રાસાયણિક પ્રક્રિયા પ્ર-૧ ભાગ-3 | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-3 |
| 18.06.20 | ગુરૂવાર | ધોરણ-10 વિજ્ઞાન : રાસાયણિક પ્રક્રિયા પ્ર-૧ ભાગ-૪ | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-૪ |
| 19.06.20 | શુક્રવાર | ધોરણ-10 વિજ્ઞાન : રાસાયણિક પ્રક્રિયા પ્ર-૧ ભાગ-૫ | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-૫ |
| 20.06.20 | શનિવાર | ધોરણ-10 વિજ્ઞાન : રાસાયણિક પ્રક્રિયા પ્ર-૧ ભાગ-૬ | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-૬ |
| 21.06.20 | રવિવાર | ધોરણ-9 વિજ્ઞાન : આપણી આસપાસમાં દ્રવ્ય પ્ર-1 ભાગ-1 | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-૭ |
| 22.06.20 | સોમવાર | ધોરણ-9 વિજ્ઞાન : આપણી આસપાસમાં દ્રવ્ય પ્ર-1 ભાગ-2 | ધોરણ-12 રસાયણ વિજ્ઞાન : ઘન અવસ્થા પ્ર-૧ ભાગ-૮ |
| 23.06.20 | મંગળવાર | ધોરણ-9 વિજ્ઞાન : આપણી આસપાસમાં દ્રવ્ય પ્ર-1 ભાગ-3 | ધોરણ-11 રસાયણ વિજ્ઞાન : રસાયણવિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ પ્ર-૧ ભાગ-1 |
| 24.06.20 | બુધવાર | ધોરણ-9 વિજ્ઞાન : આપણી આસપાસમાં દ્રવ્ય પ્ર-1 ભાગ-4 | ધોરણ-11 રસાયણ વિજ્ઞાન : રસાયણવિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ પ્ર-૧ ભાગ-2 |
| 25.06.20 | ગુરૂવાર | ધોરણ-9 વિજ્ઞાન : આપણી આસપાસમાં દ્રવ્ય પ્ર-1 ભાગ-5 | ધોરણ-11 રસાયણ વિજ્ઞાન : રસાયણવિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ પ્ર-૧ ભાગ-3 |
| 26.06.20 | શુક્રવાર | ધોરણ-9 વિજ્ઞાન : આપણી આસપાસમાં દ્રવ્ય પ્ર-1 ભાગ-6 | ધોરણ-11 રસાયણ વિજ્ઞાન : રસાયણવિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ પ્ર-૧ ભાગ-4 |
| 27.06.20 | શનિવાર | ધોરણ-10 ગણિત : વાસ્તવિક સંખ્યાઓ પ્ર-૧ ભાગ-૧ | ધોરણ-11 રસાયણ વિજ્ઞાન : રસાયણવિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ પ્ર-૧ ભાગ-5 |
| 28.06.20 | રવિવાર | ધોરણ-10 ગણિત : વાસ્તવિક સંખ્યાઓ પ્ર-૧ ભાગ-૨ | ધોરણ-12 જીવ વિજ્ઞાન : સજીવોમાં પ્રજનન પ્ર-૧ ભાગ-૧ |
| 29.06.20 | સોમવાર | ધોરણ-10 ગણિત : વાસ્તવિક સંખ્યાઓ પ્ર-૧ ભાગ-3 | ધોરણ-12 જીવ વિજ્ઞાન : સજીવોમાં પ્રજનન પ્ર-૧ ભાગ-૨ |
| 30.06.20 | મંગળવાર | ધોરણ-10 ગણિત : વાસ્તવિક સંખ્યાઓ પ્ર-૧ ભાગ-૪ | ધોરણ-12 ભૌતિક વિજ્ઞાન : વિદ્યુતભારો અને ક્ષેત્રો પ્ર-૧ ભાગ-૧ |